NA ORDER (૫)

<u>ખરી નકલ</u>

નંબર વી.સી.ટી.એસ.એસ.આર.૩૯

કલેક્ટર કચેરી, નાનપુરા,

સુરત તારીખ ૧૧-૭-૧૯૭૪.

વંચાણે :- (૧) એસ.કે.ઇન્ડસ્ટ્રીયલ કો. ઓ. સર્વિસીસ સોસાયટી લી.(સુચિત)ના પ્રમુખશ્રી બળવંતરાય નરોત્તમભાઇ દેસાઇએ તારીખ ૨૬-૩-૭૪ના રોજ ચોર્યાસી તાલુકા ચોર્યાસીના સર્વે નંબર ૩૦ પૈકી ૭૭૯૯ ચમચોરસવાર જમીન ખરીદ કરવા ગુજરાત વેકેન્ટ લેન્ડઝ એક્ટ ૧૯૭૨ની કલમ ૭(૩) અન્વયે મુક્તિ મળવા અરજ કરેલી તે બદલના કાગળો કામમાં લખાણો.

-: હુ ક મ :-

શ્રી. બળવંતરાય નરોત્તમભાઇ દેસાઇ, પ્રમુખશ્રી એસ. કે. ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસીસ સોસાયટી લી. (સુચિત) નામે તારીખ ૨૬-૩-૭૪ ના રોજ ચોર્યાસી તાલુકા ચોર્યાસીના સર્વે નંબર ૩૦ પૈકી ૭૭૯૯-૭૦ ચમચોરસવાર જમીન ઔદ્યોગિક હેતુ માટે ખરીદ કરવા મુક્તિ મળવા ગુજરાત વેકેન્ટ લેન્ડઝ એક્ટ ૧૯૭૨ની કલમ ૭(૩) અન્વયે અરજ કરી છે.

સદર સર્વે નંબરની જમીનમાંથી ૯૦૩૭-૦૦ ચમચોરસવાર જમીન ખરીદ કરવાનું સાટાખત સુચિત સોસાયટીએ તારીખ ૫-૨-૭૪ ના રોજ સદર જમીનના જમીન માલીકો સાથે કરેલું છે. ત્યારબાદ માપણી કરતાં ક્ષેત્રફળમાં તફાવત પડતાં સદર સોસાયટીએ ૭૭૯૯-૭૦ ચમચોરસવાર જમીન ખરીદ કરવા બદલ સદર સાટાખતમાં સુધારો કરેલો છે અને બાના પેટે રૂ. ૬૭૨૨૮-૦ આપેલા છે. સદર સોસાયટીના પ્રમુખશ્રીએ ૨૫ સભાસદો ક્યા પ્રકારનો ધંધો કરે છે તેની વિગત રજુ કરેલી છે.જીલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીએ ૮૮૧૯૪-૦ ચોરસફુટ જમીનની જરૂરીઆત વાજબી હોય તે બદલ અભિપ્રાય આપેલો છે. તેમજ ઉદ્યોગ અંગેના પ્લાન સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલાં છે. એટલે સદર સર્વે નંબરની જમીન ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી છે.

ઉપર પ્રમાણે એકંદર હકીકત હોવાથી એસ.કે.ઇન્ડસ્ટ્રીયલ કો. ઓ.સર્વિસીસ સોસાયટી (સુચિત) ને નીચેની શરતોએ ચોર્યાસી તાલુકા ચોર્યાસી ગામના સર્વે નંબર ૩૦ પૈકીની જમીનમાંથી ૭૭૯૯-૭૦ ચમચોરસવાર જમીન ઔદ્યોગિક હેતુ માટે ખરીદ કરવા ગુજરાત વેકેન્ટ લેન્ડઝ એક્ટની કલમ ૭(૩) અન્વયે મુક્તિ આપવા હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો :-</u>

(૧) અરજદાર સોસાયટી સહકારી કાયદા નીચે રજીસ્ટર્ડ કરાવવાની રહેશે.

(૨) પ્રશ્નવાળી જમીનનો ઉપયોગ ઔદ્યોગિક હેતુ માટે કરવાનો રહેશે અને તે અંગેનો બિનખેતી આદેશ કલેક્ટરશ્રીના હુકમની તારીખથી એક વર્ષમાં

કરવાનો રહેશે.

(૩) ગણોતધારાની કલમ ૬૩ હેઠળ જમીન ખરીદવાની પરવાનગી મેળવવાની રહેશે.

(૪) મુદ્રિત જમીનની તબદીલી અને ઉપયોગ અંગેના લાગતા વળગતા કાયદાઓની જોગવાઈઓને આધિન રહેશે.

સહી. આમલ દોષ
કલેક્ટર, સુરત.

જયારસ્ત સહ નકલ રવાના :-

પ્રતિ,

શ્રી. બળવંતરાય નરોત્તમભાઈ દેસાઈ
પ્રમુખશ્રી એસ. કે. ઇન્ડસ્ટ્રીયલ કો. ઓ. સર્વિસીસ સોસાયટી લી.
સુરત ખટોદરા કોલોની, કાઉબલ પ્લોટ નં. ૬/૧૩૭, ઉધના દરવાજા બહાર, સુરત.

શ્રી. હર્ષદરાય સોમાભાઈ બંને રહે. સગરામપુરા, કંઠારીવાડ
બળવંતરાય સોમાભાઈ સુરત.
શ્રી. સોમાભાઈ કાનજીભાઈ વગેરે - એજન -

નકલ રવાના હેડક્વાર્ટર સબ રજીસ્ટ્રારશ્રી, સુરત તરફ.
" " મામલતદારશ્રી ચોર્યાસી તરફ.

રવાના કર્યું.

કલેક્ટર, સુરત વતી.

True Copy

For Mamlatdar, Chorasi
Surat.

નં. બખપ-રજુ. ૩૫-૭૩.
કલેકટર કચેરી, નાનપુરા,
સુરત, તા. ૨૬-૯-૭૩.

વંચાણે:- ૧. સોમાભાઇ કાનજીભાઇ પટેલ વીગેરે, રહે. સગરામપુરા ભંડારીવાડ, સુરતના, તા. ૨૯-૬-૭૩ ની અરજી.

૨. મામલતદારશ્રી ચોર્યાસીના શેરા ક્રમાંક, બખપ. રજી. ૨૪૯-૭૩, તા. ૨૯-૮-૭૩ થી પુરું થયેલું પ્રકરણ.

હુકમ:

પ્રસ્તુત કામે મોજે ખટોદરા તા. ચોર્યાસીના શરવે નંબર ૩૦ પૈકી ક્ષેત્રફળ ૭૧૭૧ ચોરસવાર જમીન પૈકી ૩૧૭૧ ચોરસવાર જમીનમાં ફેકટરી અંગેના શેડો બાંધવા સુરત મહાનગરપાલીકાએ તા. ૪-૬-૭૩ ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ બાંધવા સદરહુ જમીનના કબજેદાર સોમાભાઇ કાનજીભાઇ વીગેરે, રહે. સગરામપુરા ભંડારીવાડ, સુરતનાને આ કામે વિશેષધારો ગામના પ્રચલિત દર પ્રમાણે રૂપાંતર કરેલ દર મુજબ દર ચોરસ મીટરે ૦-૨૫ પૈસા લેખે ૫૯૯૬ ચોરસ મીટરના રૂા. ૧૨૦-૦૦ પુરો તથા તે ઉપર લોકલ ફંડ શેષ તથા શીક્ષણ ઉપકર તારીખ ૩૧-૭-૭૪ સુધીની મુદત માટે ભરવા જે ત્યાર બાદ સરકારશ્રીના ધારાધોરણ અનુસાર રીવાઇઝ થવાની ભાગ રહેવાની શરતે તથા નીચે જણાવેલ વધુ શરતોનું પાલન કરવાની શરતે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો.

(૧) સુરત મહાનગરપાલીકાએ તા. ૪-૬-૭૩ ના રોજ મંજુર કરેલ પ્લાનમાં દરશાવેલ ૭૧૭૬ ચોરસવાર જમીનમાં ખેતી સીવાયના પ્લોટ પૈકી ૩૧૭૧ ચોરસવાર જમીનથી વધુ બાંધકામ કરવું નહીં અને બાકીની જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી પડશે.

(૨) કલેકટરશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સીવાય મંજુર કરેલા બાંધકામ ખેતી સીવાયના પ્લોટમાં કોઇપણ જાતનો વધારો બીજો ફેરફાર કરવો નહીં, તેમજ વધારાનું બાંધકામ પણ કરવું નહીં.

(૩) લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સીવાય મજકુર જમીનનો તથા બાંધકામના રહેઠાણ સીવાયના હેતુઓ માટેનો ઉપયોગ સદંતર મનાઇ ફરમાવવામાં આવે છે.

(૪) આ હુકમ થયાની તારીખથી ૬ માસમાં ખેતી સીવાયનું કૃત્ય શરૂ કરવું પડશે અને જો તેમ કરવામાં કસુર થશે તો જે તારીખથી ખેતી સીવાય પરવાનગી આપવામાં આવી છે તે તારીખથી વિશેષધારો તથા દંડ જે કંઇ નક્કી થાય તે ભરવો પડશે.

-મજુરા.

(૫) કબજેદાર ખેતી સીવાયનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી એક માસમાં ગામ અધીકારી મારફતે કૃત્ય શરૂ કર્યાની લેખીત ખબર આપવી પડશે.

(૬) કબજેદાર પોતાના ખરચે સર્વે ખાતા મારફતે ખેતી સીવાયના પ્લોટની માપણી કરાવવી પડશે, સર્વે ખાતા તરફથી માપણી થયા મુજબ ક્ષેત્રફળ અને આકારમાં જે કંઇ ફેરફાર પડે તે મુજબ આ હુકમમાં હુકમ તથા કરી આપવાની શરત ફેરફારને પાત્ર રહેશે.

(૭) કબજેદાર ખેતી સીવાયનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી ત્રણ માસની મુદતમાં નમુના-ફોર્મ-૧ માં આ હુકમમાં

જણાવેલ તમામ શરતો સહીતની સનંદ કરી આપવી પડશે. અને આ પરવાનગી સનંદમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

(૮) ખાળકુવો યોગ્ય તથા નીયમીત સાફ કરવા માટેની ગોઠવણ નહીં હોય તો તે બાંધવો નહીં.

(૯) કુવામાં ૧૦૦ ફુટ અંદર (નજીક) ખાળકુવો બાંધવો નહીં. તેમજ ખાળકુવાનો ઉપયોગ કરવો નહીં.

(૧૦) મંજુર કરેલ ખેતી સીવાયની પ્લોટનો જમીનના આજુબાજુ કંપાઉન્ડ બાંધવાનો પ્રસંગ ઉભો થશે તો સાડાત્રણ ફુટથી વધુ ઉંચાઇની બાંધવી નહીં. રસ્તા તરફની બાજુએ જો દીવાલ બાંધવી હોય તો કલેકટરની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બાંધવી નહીં.

(૧૧) ખાળકુવો અને ખાળકોઠીનો ઉપયોગ મળ સંગ્રહ માટે કરવો નહીં.

(૧૨) મુંબઇના ગણોત અને ખેતીની જમીનમાં કાયદાની જોગવાઇઓને આધીન આ પરવાનગી આપવામાં આવે છે.

(૧૩) આ હુકમની તારીખથી ૩ વર્ષમાં બાંધકામ પૂરું કરવું પડશે.

(૧૪) બાંધકામમાં સહેલાઇથી બળી જાય તેવા પદાર્થો વા સાધનોનો ઉપયોગ કરવો નહીં.

(૧૫) સદરહુ જમીન અધીકારીની પરવાનગી વગર કોઇપણ વીદેશીને કે ભારતનો નાગરીક ન હોય તેને વેચી શકાશે નહીં.

(૧૬) આ જમીન, કોમ્પેકટ બ્લોકમાં આવી જતી હોય તેના નીકાલ માટે ધી ગુજરાત વેકેન્ટ લેન્ડ ઇન અરબન એરીયાઝ પ્રોહીબીશન ઓફ એલીનેશન એકટ ૧૯૭૨ ની જોગવાઇથી પ્રતિબંધ મુકવામાં આવેલ હોય આ જમીનનું વેચાણથી, બક્ષીશથી, વીનીયમથી, ભાડેથી, ગીરોથી પેટાથી કે બીજી કોઇ રીતે સ્વાત્વર્પણ કરી શકશે નહીં કે અથવા એવી જમીનનું વિભાજન કરી શકશે નહીં અને આ કલમનો ભંગ કરીને કરેલ સ્વાત્વર્પણ અથવા કરેલ વિભાજન અથવા ઉભું કરેલું ટ્રસ્ટ રદ બાતલ ગણાશે તેમજ કલમ ૧૧(૧) માં ફરમાવેલ શીક્ષાને પાત્ર થશે.

(૧૭) ઉપરની કોઇપણ શરતોનો ભંગ થશે તો આ પરવાનગી પુરીપુરી અથવા પરવાનગીનો અમુક ભાગ રદ કરવાને પાત્ર રહેશે.

(૧૮) શિક્ષાત્મક કલમો:

અ. અરજદાર ઉપરોકત શરતોનો ભંગ કરે તો કલેકટર સદરહુ કાયદાના ઠરાવો અને અરજદારે બીજી કોઇપણ શીક્ષાનેપાત્ર હોય તેને બાધ આવ્યા સીવાય તેને ફરમાવવું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઇ શકશે.

બ. ઉપરોકત પેટાકલમમા ગમે તે મજકુર હોય તે છતાં કલેકટર સદરહુ પરવાનગી વિરુધ્ધ બાંધેલા અથવા વપરાતા કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરે આ અર્થે જે મુજબ ઠરાવી હોય તે મુદત ------

દરમ્યાન ખસેડવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન એવી રીતે ખસેડવામાં ન આવે તો તેમ કરાવવાને અને તેમ કરાવવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી રકમ તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

સહી....
કલેકટર, સુરત.

પ્રતિ,

શ્રી સોમાભાઇ કાનજીભાઇ વી.

રે. સગરામપુરા, ભંડારીવાડ, સુરત.

નકલ રવાના કામના કાગળો સહમામલતદારશ્રી

ચોર્યાસી તરફ આગળની તજવીજ થવા માટે.

નકલ સવિનય રવાના કમીશનરશ્રી (સુરત મહાનગરપાલિકા,
સુરત તરફ.

નકલ રવાના ડી.આઇ.એલ.શ્રી સુરત તરફ આગળની

તજવીજ થવા સારૂ.

રવાના કરવા માટે અધિકૃત,
સહી. અસ્પષ્ટ.
ચીટનીશ ટુ ધી કલેકટર,
સુરત.

મુકેશ:.૨૬-૬૯. ...

નં. બખપ-૨૭-૩૫-૭૩.
કલેકટર કચેરી, નાનપુરા,
સુરત, તા. ૨૬-૯-૭૩.

વંચાણે :-૧. સોમાભાઇ કાનજીભાઇ પટેલ વિગેરે, રહેવાસી સગરામપુરા, ભંડારીવાડ, સુરતના. તા. ૨૯-૬-૭૩ની અરજી.

૨. મામલતદારશ્રી ચોર્યાસીના શેરા ક્રમાંક બખપ-૨૭-૨૪૯-૭૩, તા. ૨૯-૮-૭૩થી પુરું થતું પ્રકરણ.

હુકમ :-

પ્રસ્તુત કામે મોજે ખટોદરા તા. ચોર્યાસીના સરવે નંબર ૩૦ પૈકી ક્ષેત્રફળ ૭૨૭૧ ચોરસવાર જમીન પૈકી ૩૨૭૧ ચોરસવાર જમીનમાં ફેકટરી અંગેના શેડો બાંધવા સુરત મહાનગરપાલિકાએ તા. ૪-૬-૭૩ના રોજ મંજુર કરેલ પ્લાન મુજબ બાંધવા સદરહુ જમીનના કબજેદાર સોમાભાઇ કાનજીભાઇ વિગેરે રહે. સગરામપુરા, ભંડારીવાડ, સુરતનાને આ કામે વિશેષધારો ગામના પ્રચલીત દર પ્રમાણે રૂપાંતર કરેલ દર મુજબ દર ચોરસમીટરે ૦-૨પૈસા લેખે ૫૯૯૬ ચોરસમીટરના રૂ. ૧૨૦-૦૦ પુરા તથા તે ઉપર લોકલ ફંડ સેસ તથા શિક્ષણ ઉપકર તારીખ ૩૧-૭-૭૩ સુધીની મુદત માટે ભરવા જે ત્યારબાદ સરકારશ્રીના ધારાધોરણ અનુસાર રીવાઇઝ થવાનો બાધ રહેવાના શરતે તથા નીચે જણાવેલ વધુ શરતોનું પાલન કરવાની શરતે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :

(૧) સુરત મહાનગરપાલિકાએ તા. ૪-૬-૭૩ના રોજ મંજુર કરેલ પ્લાનમાં દર્શાવેલ ૭૨૭૧ ચોરસવાર જમીન ખેતી સિવાયના પ્લોટ પૈકી ૩૨૭૧ ચોરસવાર જમીનથી વધુ બાંધકામ કરવું નહીં અને બાકીની જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી પડશે.

(૨) કલેકટરશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય મંજુર કરેલા બાંધકામ ખેતી સિવાયના પ્લોટમાં કોઇપણ જાતનો વધારો બીજો ફેરફાર કરવો નહીં તેમજ વધારાનું બાંધકામ પણ કરવું નહીં.

(૩) લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મજકુર જમીનનો તથા બાંધકામના રહેઠાણ સિવાયના હેતુઓ માટેનો ઉપયોગ સાફ મનાઇ ફરમાવવામાં આવે છે.

(૪) આ હુકમ થયાની તારીખથી ૬ માસમાં બિનખેતી ઉપયોગનું કૃત્ય શરૂ કરવું પડશે. અને જો તેમ કરવામાં કસુર થશે તો જે તારીખથી બિનખેતી ઉપયોગ પરવાનગી આપવામાં આવી છે તે તારીખથી બિનખેતી ઉપયોગના નવા દર મુજબ આકાર તથા દંડ જે કાંઈ નક્કી થાય તે ભરવો પડશે.

(૫) કબજેદાર બિનખેતી ઉપયોગનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી એક માસમાં ગામ અધિકારી મારફતે કૃત્ય શરૂ કર્યાની લેખીત ખબર આપવી પડશે.

(૬) કબજેદાર પોતાના ખર્ચે સર્વે ખાતા મારફતે બિનખેતી ઉપયોગના પ્લોટની માપણી કરાવવી પડશે. સર્વે ખાતા તરફથી માપણી થયા મુજબ ક્ષેત્રફળ અને આકારમાં જે કાંઈ ફેરફાર પડે તે મુજબ આ હુકમ તથા કરી આપવાની શરત ફેરફારને પાત્ર રહેશે.

(૭) કબજેદાર બિનખેતી ઉપયોગનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી બે માસની મુદતમાં નમૂના એમ-૧માં આ હુકમમાં જણાવેલ તમામ શરતો સહીતની સનદ કરી આપવી પડશે. અને આ પરવાનગી સનદમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

(૮) ખાળકુવો યોગ્ય તથા નિયમિત સાફ કરવા માટેની ગોઠવણ નહીં હોય તો તે બાંધવો નહીં.

(૯) કુવાથી ૧૦૦ ફુટ અંદર (નજીક) ખાળકુવો બાંધવો નહીં. તેમજ ખાળકુવાનો ઉપયોગ કરવો નહીં.

(૧૦) મંજુર કરેલ બિનખેતી ઉપયોગના પ્લોટની જમીનની આજુબાજુ કંપાઉન્ડ બાંધવાનો પ્રસંગ ઉભો થશે તો સાડાત્રણ ફુટથી વધુ ઉંચાઈનો બાંધવો નહીં. રસ્તા તરફની બાજુએ જો દિવાલ બાંધવી હોય તો કલેકટરની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બાંધવી નહીં.

(૧૧) ખાળકુવો અને ખાળકોઠાનો ઉપયોગ મળસંગ્રહ માટે કરવો નહીં.

(૧૨) ગુજરાત ગણોત અને ખેતીની જમીનમાં કાયદાની જોગવાઈઓને આધીન આ પરવાનગી આપવામાં આવે છે.

(૧૩) આ હુકમની તારીખથી ૩ વર્ષમાં બાંધકામ પુરૂં કરવું પડશે.

(૧૪) બાંધકામમાં સહેલાઈથી બળી જાય તેવા પદાર્થો આ સાધનોનો ઉપયોગ કરવો નહીં.

(૧૫) સદરહુ જમીન સક્ષમ અધિકારીની પરવાનગી વગર કોઈપણ વિદેશની કે ભારતનો નાગરિક ન હોય તેને વેચી શકશે નહિં.

(૧૬) આ જમીન કોમ્પેક્ટ બ્લોકમાં આવી જતી હોય તેનો નિકાલ માટે ધી ગુજરાત વેકેન્ટ લેન્ડ ઇન અરબન એરીયાઝ પ્રોહીબીશન ઓફ ફ્રેગ્મેન્ટેશન એક્ટ ૧૯૭૨ની જોગવાઈથી પ્રતિબંધ મૂકવામાં આવેલ હોય આ જમીનનું વેચાણથી, બક્ષીસથી વિનિમયથી, ભાડેથી ગીરોથી, પેટાથી કે બીજી કોઈ રીતે સ્થાનાંતરણ કરી શકશે નહીં કે અથવા એવી જમીનનું વિભાજન કરી શકશે નહીં અને આ કલમનો ભંગ કરીને કરેલ સ્થાનાંતરણ અથવા કરેલ વિભાજન અથવા ઉભું કરેલું ટુ.ક. રદ બાતલ ગણાશે તેમજ કલમ ૧૧(ક) માં ફરમાવેલ શિક્ષાને પાત્ર થશે.

(૧૭) ઉપરની કોઈપણ શરતોનો ભંગ થશે તો આ પરવાનગી પુરેપુરી અથવા પરવાનગીનો અમુક ભાગ રદ કરવાને પાત્ર રહેશે.

(૧૮) <u>શિક્ષાત્મક કલમો :</u>

(અ) અરજદાર ઉપરોક્ત કોઈપણ શરતોનો ભંગ કરે તો કલેક્ટર સદરહુ કાયદાના ઠરાવો અનેઅરજદારે બીજી કોઈપણ શિક્ષાને પાત્ર હોય તેને બાધ આવ્યા સિવાય તેને ફરમાવવું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઈ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઈ શકશે.

(બ) ઉપરોક્ત પેટા કલમમાં ગમે તે મજકુર હોય તે છતાં કલેક્ટર સદરહુ પરવાનગી વિરુદ્ધ બાંધેલા અથવા વપરાતા કોઈપણ મકાન અથવા ઇમારતને કલેક્ટરે આ અંગે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમ્યાન ખસેડવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન એવી રીતે ખસેડવામાં ન આવે તો તેમ કરાવવાનો અને તેમ કરાવવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

સહી...
કલેકટર, સુરત.

પ્રતિ :-

શ્રી. સોમાભાઈ કાનજીભાઈ વિ.
રે. સગરામપુરા, ભંડારીવાડ, સુરત.

નકલ રવાના કામના કાગળો સહ મામલતદારશ્રી ચોર્યાસી તરફ આગળની તજવીજ થવા માટે.

નકલ સવિનય રવાના કમીશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત તરફ..

નકલ રવાના ડી.આઈ.એલ.આર. સુરત તરફ આગળની તજવીજ થવા સારૂં....

[illegible]

રવાના કરવા માટે અધિકૃત
સહી...
ચીટનીસ ટુ ધી કલેકટર, સુરત.

...........

મુકેશ.૨૬(૯).

[illegible]

[illegible]

પ્રમાણિત,
એસ. કે. [illegible]
[illegible]